સંક્ષિપ્ત સમાચાર

વ્યારાના ચાંપાવાડી ગામે દીપડી પાંજરામાં કેદ

વ્યારા: વ્યારાના ચાંપાવાડી ગામે કદાવર દીપડી પાંજરે પુરાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. મળતી માહિતી મુજબ ચાંપાવાડી વિસ્તારમાં સ્થાનિકોને દીપડો નજરે પડતાં વન વિભાગની ટીમે વ્યારાના ચાંપાવાડી ગામમાં કરસનભાઈ ચેમાભાઈ ગામીતના ખેતર નજીક તબેલા પાસે અઠવાડિયા પર પાંજરું મૂક્યું હતું. જેમાં ગતરોજ મળસકે અંદાજિત સાડા ત્રણ વર્ષની દીપડી પાંજરામાં પુરાઈ હતી. જેની જાણ થતાં વન વિભાગ દ્વારા પાંજરાનો કબજો લઈ દીપડી લઈ જવામાં આવી હતી અને દીપડીનું જરૂરી મેડિકલ ચેકઅપ કરાવી ગાઢ જંગલમાં દીપડીને મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

અરિયાણામાં ખેંચ આવતાં યુવકનું મોત

સાયણ: ઓલપાડના અરિયાણા ગામે દેસાઇ મહોલ્લામાં રહેતી નિમિષાબેન શૈલેશભાઇ પટેલે ગત મંગળવાર તા.૧૬ ના રોજ ઓલપાડ પોલીસને જાણ કરી હતી કે, તેમના પશુ તબેલા સામેના રોડ ઉપર આશરે ૩૦ વર્ષની ઉમરના પિન્ટુ નામના યુવકને સાંજે ૬:૩૫ કલાકે અચાનક ખેંચ આવતાં તેનું ઘટના સ્થળે મોત થયું હતું. આ યુવક છેલ્લા ઘણા દિવસથી બીમાર હતો. પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી તેના વારસદારોને ઓલપાડ પોલીસનો સંપર્ક કરવા જણાવી વધુ તપાસ પીએસઆઇ એસ.એન.ચૌધરી કરી રહ્યા છે.

ઉકાઈ થર્મલ પાવર સ્ટેશનમાં મોકડ્રીલ

વ્યારા, સોનગઢ: તાપીના ઉકાઈ સ્થિત થર્મલ પાવર સ્ટેશન ખાતે ગતરોજ સવારે ૧૦:૩૦ કલાકે ક્લોરિન પ્લાન્ટમાં અચાનક ગેસ લીકેજની ઘટના સર્જાતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાન્ટના કુલિંગ વોટર સાઇટના ટોપ વાલ્વમાંથી ઝેરી ક્લોરિન ગેસ લીકેજ થતાં બે કર્મચારી ગેસની ઝપેટમાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જિલ્લા વહીવટી તંત્ર સહિત આપત્તિ વ્યવસ્થાપન NDRFની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. NDRFના જવાનોએ લીકેજ પોઇન્ટને આઇડેન્ટિફાઇ કરી ગેસ લીકેજને બંધ કર્યો હતો. જો કે, આ સમગ્ર ઘટના વાસ્તવિક દુર્ઘટના નહીં, પરંતુ તાપી જિલ્લા વહીવટી તંત્ર અને NDRF દ્વારા સંયુક્ત રીતે યોજાયેલી એક મોકડ્રીલ હતી.

ચેક રિટર્ન કેસમાં મહિલાને સજા

પલસાણા: પલસાણાના બગુમરા ગામે હરેકૃષ્ણ સોસાયટીમાં રહેતાં ગીતાબેન મિત્તલકુમાર કાનાણીએ કડોદરા શ્રીનિવાસ ગ્રીનસિટી ખાતે રહેતા અને સોની તરીકે વેપાર કરતા વિનોદ મીઠાલાલ જૈન પાસેથી અગરબત્તીનો વ્યવસાય કરવા માટે ઉછીના પૈસા લીધા હતા. જે પૈસા પાછા મેળવવા માટે અનેક વખત કહેવા છતાં પાછા મળ્યા નહીં અને તેના બદલામાં આવેલ ચેક બેંકમાં નાંખતાં ચેક પાછો આવતાં ફરિયાદી વિનોદ જૈને એડ્વોકેટ રાકેશ કે.શાહ મારફતે જે.જે.આહુજા, પલસાણાના પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કોર્ટમાં કેસ દાખલ કરતાં કોર્ટે વકીલ રાકેશ શાહની ધારદાર દલીલો અને પુરાવાઓને આધારે કોર્ટે ગીતાબેન મિત્તલકુમાર કાનાણી (રહે.,મકાન નં.૩૬, હરે ક્રિષ્ના સોસાયટી, બગુમરા)ને ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 અન્વયે તકસીરવાન ઠેરવી 1 વર્ષની સાદી કેદ તથા રૂપિયા એક લાખ ફરિયાદી વિનોદ મીઠાલાલ જૈનને 30 દિવસમાં વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

ઉકાઈના ખેરવાડા રેન્જ વિસ્તારમાં ખેતરમાંથી સાત ફૂટ લાંબો અજગર પકડાયો

વ્યારા: તાપીમાં ઉકાઈના ખેરવાડા વન વિસ્તારમાં સ્થાનિકોને ખેતરમાં અજગર દેખાતાં ખેડૂતોમાં ડર ફેલાયો હતો. ત્યારે ગતરોજ વનવિભાગની રેસ્ક્યુ ટીમે સાત ફૂટ લાંબા અજગરને રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી આરંભી હતી. સામાન્ય રીતે જંગલની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને ખેતરોમાં વન્યજીવો આવી ચઢે છે. ત્યારે ગ્રામજનોએ પણ અજગરની સલામત રીતે રેસ્ક્યુ કરાવી જાગૃતતા ફેલાવી હતી.

કેવડિયા SOU અસગ્રસ્તોના પ્રશ્નો બાબતે રજૂઆત

રાજપીપળા: કેવડિયામાં નર્મદા ડેમ અને SOUના અસરગ્રસ્ત આદિવાસીઓનાં વર્ષોથી વણઉકલ્યા પ્રશ્નોની ધારાસભ્ય ડો.દર્શના દેશમુખ અને કેવડિયાના જિ.પં. સભ્ય દિનેશ તડવીએ ગાંધીનગર મુકામે મુખ્યમંત્રીને રૂબરૂ મળી સંયુક્ત રજૂઆત કરી હતી. કેવડિયા વિસ્તારનાં છ ગામના નર્મદા ડેમ અસરગ્રસ્તો તેમજ SOU અને ગરુડેશ્વર વિયર ડેમમાં જમીન ગુમાવનારા અસરગ્રસ્તોના લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નો આદિવાસીઓની જમીન SOU કે તેને સંલગ્ન પ્રોજેક્ટ માટે સંપાદિત કરવામાં આવી છે તેમને નર્મદા ડેમ અસરગ્રસ્તોની સમકક્ષ લાભ આપવા જોઈએ, જમીનના વળતરમાં પુખ્ત ઉમરના દીકરાને લાભ મળે પણ દીકરીઓ ને લાભ નથી મળતો, ગરુડેશ્વર ખાતે વિયરડેમમાં ગભાણા, નવાગામ, કેવડિયાના ખેડૂતોની જમીન ડૂબમાં ગઈ છે, પરંતુ હજુ સુધી તેમને વળતર ચૂકવવામાં આવ્યું નથી સહિતના પ્રશ્નો રજૂ થતાં મુખ્યમંત્રીએ પ્રશ્નોના નિકાલ માટે હૈયાધારણા આપી હતી.

બારડોલીમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

બારડોલી: બારડોલીની ગાંધી-સરદાર સ્મૃતિ ભવન ટ્રસ્ટ દ્વારા આયોજિત અને સરદાર સ્મારક હોસ્પિટલ દ્વારા પ્રોત્સાહિત વક્તૃત્વ સ્પર્ધા બારડોલી મુકામે યોજાઇ હતી, જેમાં બારડોલી અને તેની આજુબાજુની આઠ શાળાઓના 34 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ધો.૪માં સોમ્યા ભૂપેન્દ્રસિંહ (પારસ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ) પ્રથમ, અનિકા નીરવકુમાર(વાત્સલ્ય વિદ્યાલય) દ્વિતીય અને જીવિકા સુરેશભાઇ (બીએબીએસ) તૃતીય સ્થાને રહ્યાં હતાં. જ્યારે ધ્યાની ધર્મેશભાઈ (જે.એમ. પટેલ)ને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. ધો.૯માં યાશી તપનકુમાર (સેન્સેસ્તિ) પ્રથમ, ધ્રુવી અમિતભાઈ(સરદાર કન્યા વિદ્યાલય) દ્વિતીય અને શિવ નિતેશકુમાર(પારસ) તૃતીય તેમજ સ્નેહાંગી રાજુભાઈ (જેએમ પટેલ)એ પ્રોત્સાહન ઈનામ મેળવ્યું હતું. ધો.૧૧માં હેની નરેશભાઇ પ્રથમ (બીએબીએસ), વિદિશા ઉમાનાથ(બીએબીએસ) દ્વિતીય અને યતિ નિતિનકુમાર (વાત્સલ્ય વિદ્યાલય) તૃતીય ક્રમે જ્યારે સંયમ સુનિલકુમાર (શાંતારામ ભટ્ટ સ્કૂલ)ને પ્રોત્સાહન ઈનામ મળ્યું હતું.

ઝઘડિયામાં ગાંજા સાથે બે આરોપી ઝડપાયા

ઝઘડિયા: ઝઘડિયા નગરના મોહન ફળિયામાં રહેતા પપ્પુસિંગ બીપીનસિંગ ચૌહાણ તથા મુન્નીબેન પપ્પુસિંગ ચૌહાણને ત્યાં ગાંજાની બાતમીના આધારે પોલીસે ઘરે રેઇડ કરી હતી. પોલીસે પ્લાસ્ટિકના મીણીયાની વાડના હૂક સાથે લટકાવેલી એક થેલીમાંથી રૂ.16 હજારનો ગાંજો ઝડપી લીધો હતો. સાથે એક મોબાઇલ ફોન કિં.રૂ.500 મળી કુલ રૂ.16,500નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી હતી. ગાંજો અક્કલકૂવા બાજુનો 'મામુ' તેમને આપી ગયો હતો. ઝઘડિયા પોલીસે આ 'મામુ' ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ગામતળાવ બુજરંગ ગામમાં ચર્ચના બાંધકામ સામે વિરોધ

ગામમાં એકપણ કાયદેસર ખ્રિસ્તી નથી, ગ્રામજનોનો આક્ષેપ

હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગામતળાવ બુજરંગ ગામના સમસ્ત હિન્દુ સમાજે ખ્રિસ્તી ધર્મની પ્રવૃત્તિઓ અને ચર્ચ નિર્માણના પ્રયાસો સામે વિરોધ નોંધાવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

આવેદનમાં જણાવાયું છે કે, માંડવીનું ગામતળાવ બુજરંગ આદિવાસી બહુલ વસતી ધરાવતું ગામ છે. જ્યાં અત્યારપર્યંત ધર્મને લઈને કોઈ વિવાદ થયો નથી અને સૌ હળીમળીને રહે છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી ગામમાં સરકારી જમીન પર ચર્ચ બનાવવાની ચર્ચા ચાલી રહી છે. જે જમીન હકીકતમાં અગાઉ આદિવાસીઓને સરકારી આવાસ બનાવવા ફાળવાઈ હતી. આરોપ છે કે ઘરમાલિકો દ્વારા આ જમીન વેચીને અથવા અન્ય રીતે ચર્ચ માટે આપવામાં આવી રહી છે. કલેક્ટરના ચોપડે ગામમાં એકપણ વ્યક્તિ કાયદેસર રીતે ધર્માંતરિત થઈ ખ્રિસ્તી બન્યો નથી. ચર્ચના નિર્માણથી ગામનું શાંતિપૂર્ણ વાતાવરણ ડહોળાશે. આ બાંધકામ માટે કલેક્ટરની પરવાનગી પણ લેવાઈ નથી. ભોળા આદિવાસીઓને લોભ-લાલચ, સામ-દામ, દંડ-ભેદની નીતિ અપનાવી ગેરકાયદે રીતે ધર્માંતરિત કરવાનો પ્રયાસ કરાતો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આથી નાતાલ અને ખ્રિસ્તી ધર્મને લગતા કાર્યક્રમો બંધ કરવા અને આવાં બાંધકામો ન થાય એ માટે કાર્યવાહીની માંગ કરી છે.

આંબોલીમાં બસ અડફેટે બાઇક સવાર દંપતી પટકાયું, પતિનું મોત

તાપી નદીના પુલ ઉપર અકસ્માત નડ્યો, દંપતી ઉર્સના મેળામાં જતું હતું

કામરેજ: આંબોલીમાં બાઇક સવાર દંપતીને પાછળથી અજાણ્યા બસ ચાલકે ટક્કર મારતા આગળ ચાલતી શેરડીની ટ્રકમાં અથડાતાં બાઇક ચાલકનું મોત નીપજ્યું હતું.

મૂળ મહારાષ્ટ્ર અને હાલ ડિંડોલીના શ્રદ્ધા રો હાઉસમાં મકાન નં.બી-31માં રહી લૂમ્સના ખાતામાં નોકરી કરતા ભાઈદાસ રૂપચંદભાઈ પાટીલ (ઉ.વ.61) મંગળવારે પત્ની પ્રેમીલાબેન (ઉ.વ.57) સાથે પોતાની હીરો સ્પ્લેન્ડર બાઈક નં.(જીજે 05 એએક્સ 0713) લઈને કીમ ખાતે આવેલી દરગાહ પર ઉર્સના મેળામાં જઈ રહ્યા હતા. ત્યારે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર કામરેજના આંબોલી ગામની સીમમાં તાપી નદીના પુલ પર બાઇક સવાર દંપતીને પાછળ અજાણ્યા બસના ચાલકે ટક્કર મારતાં બાઇક ચાલક આગળ ચાલતી શેરડીની ટ્રક નં.(જીજે 16 વી 5292)ની પાછળમાં અથડાઈ જતાં બાઇક ચાલક ભાઈદાસભાઈ પાટીલને શરીરે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે પ્રેમીલાબેનની ફરિયાદ લઈ અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માયપુરમાં અજાણ્યા વાહનની અડફેટે મહિલાનું મોત

વ્યારા: માયપુરમાં પેટ્રોલ પંપ પાસે બારડોલીથી સોનગઢ તરફ જતાં રોડ પર 16મી ડિસેમ્બરે રાત્રે 1 વાગ્યાના અરસામાં એક મહિલાનો મૃતદેહ એક ટ્રક ચાલકને નજરે પડતાં ટ્રક ચાલકે નજીકની હોટલમાં જઈ હોટલ મેનેજરને જાણ હોટલ મેનેજર અને કોહલી ગામના યુવક ઋત્વિકભાઈ અર્જુનભાઈ ગામીત ઘટના સ્થળ ઉપર ગયા હતા. જ્યાં રોડ પર અંદાજિત 40થી 45 વર્ષની ઉંમરની એક અજાણી મહિલાનો મૃતદેહ પડ્યો હતો. જે અંગે 112 હેલ્પલાઈન નંબર પર ફોન કરતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી મહિલાના મૃતદેહનો કબજો લઈ અજાણ્યા વાહનની ટક્કરથી મહિલાનું મોત થયું હોવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

કામરેજમાં નશામાં કાર ચાલકે ત્રણ વાહનને અડફેટે લીધાં

ત્રણ બાઈક સવારને ફેક્ચર, નશામાં ઝડપાયેલા બંને ઇસમ સામે કેસ કરાયો

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે કારના ચાલક સહિત બે ઈસમે નશો કરી ત્રણ વાહન ચાલકને અડફેટે લીધા હતા. આ બનાવમાં પોલીસે બંને ઈસમ સામે ફરિયાદ નોંધી હતી.

મૂળ રાજકોટના વાસાવડના વતની અને હાલ કામરેજની કુમકુમ રેસિડન્સીમાં મકાન નં.486માં અજય શાંતિલાલ અજાગીયા પરિવાર સાથે રહે છે. મંગળવારના રોજ બનેવી હિતેશ જયંતી વાઘેલા સાથે ટીવીએસ રાઈડર બાઈક નં.(જીજે 05 યુડી 3054) પર સાંજે આશરે 4.30 કલાકે ઘરેથી કામરેજ ચાર રસ્તા જતા હતા. ભગવતી સોસાયટી પાસે મારુતિ ફ્રન્ટી નં.(જીજે 05 સીએફ 5267)ના ચાલક પ્રેમકુમાર ભવાનંદ નાયર (ઉં.વ.45) (હાલ રહે.,મહાલક્ષ્મી પંચરની દુકાનમાં, સાયણ, તા.ઓલપાડ, મૂળ રહે.,આરમથાનમ, જિ.તીરવાનંદપુર, કેરલા) અને મહેશ દિલીપ પટેલ (ઉં.વ.39) (રહે.,99, પ્રભુનગર સોસાયટી, સાયણ, તા.ઓલપાડ)એ મોપેડની સાથે અકસ્માત કરી આગળ ચાલતી હીરો ડિલક્ષ બાઈક નં.(જીજે 04 સીક્યુ 6147)ને ટક્કર મારી પાડી દીધા હતા. બાદ શાંતિલાલ અજાગીયાની બાઈકને અડફેટે લીધી હતી. એમ ત્રણ વાહનને કાર ચાલકે ઉડાવ્યાં હતાં. કાર સવાર બંને ઈસમને લોકોએ પકડી પાડ્યા હતા.

બંને ઈસમો નશામાં હોવાથી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે શાંતિલાલની ફરિયાદ લઈ બંને સામે ડ્રીન્ક એન્ડ ડ્રાઈવ કેસ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બાઈક પર સવાર હિતેશ વાઘેલા, અન્ય બાઈક પર સવાર અરવિંદ કમાભાઈ સોલંકી, અશોક પરસોત્તમભાઈ પરમાર (બંને રહે.,નાના વરાછા, શક્તિવિજય સોસાયટી)ને ફેક્ચર થયું હતું.

સાડા ત્રણ વર્ષની બાળકીનું ચોથા માળેથી પટકાતાં મોત

મોટા બોરસરાની કરુણ ઘટના, માતા રસોઈ બનાવી રહી હતી, બાળકી ખુરશી બાદ બારી પર ચડવા જતાં જમીન પર પટકાઈ

હથોડા: મોટા બોરસરાની દરબાર હોટલની સામે આવેલી સ્ક્વેર બિલ્ડિંગના ચોથા માળે માતા રસોઈ બનાવી રહી હતી. ત્યારે સાડા ત્રણ વર્ષની બાળકી સોનાક્ષી રમતા રમતા નજીકમાં આવેલી ખુરશી પર ચડીને બારી પર ચડવા જતાં બાળકીએ બેલેન્સ ગુમાવ્યું હતું. આથી તે જમીન પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થતાં ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. ઘટનાની વિગત એવી છે કે, ઉત્તરપ્રદેશના પ્રયાગરાજના મૂળ વતની બબલુભાઈ તિવારી તેની પત્ની સંજુબેન સાથે છેલ્લા કેટલાક વખતથી મોટા બોરસરા જીઆઇડીસી ખાતે કામ કરે છે અને અત્રે આવેલી સ્કીમ સ્ક્વેર બિલ્ડિંગના ચોથા માળે રહે છે. તેમની પત્ની સંજુબેન સાંજના સમયે રસોઈ બનાવી રહી હતી. ત્યારે તેમની સાડા ત્રણ વર્ષની પુત્રી સોનાક્ષી રૂમની બારી નજીક રમતી હતી અને ખુરશી પર ચડી બારી ઉપર ચડવાનો પ્રયાસ કરતાં જમીન પર પટકાઈ હતી. આથી તેને માથામાં ગંભીર ઈજા થતાં કીમ બાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડતાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

પાલી પાસે ટ્રકનું વ્હીલ બદલતાં ચાલકનું કન્ટેનર અડફેટે મોત

ચીખલીથી નારેશ્વર રેતી ભરી દમણ જતી વેળા પંચર પડતાં ચાલક વ્હીલ બદલતો હતો

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ દાદરાનગર હવેલી ખાતે પરસીપાડા ચાલીમાં રહી હાઈવા ટ્રક પર ડ્રાઈવિંગ કરતા વિનોદ હરિનાથ પાંડે (ઉં.વ.42) છેલ્લા એક માસથી હાઈવા ટ્રક નં.(ડીડી 01 એમ 9756) પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. સાથે બીજા ડ્રાઈવર તરીકે હરિઓમ વિરેન્દ્રપ્રસાદ ચોબે (ઉં.વ.23) (મૂળ રહે., હર્રાગામ, જિ.મિર્ઝાપુર, ઉત્તરપ્રદેશ) સાથે મંગળવારે ચીખલીથી નારેશ્વર રેતી ભરવા માટે ગયા હતા. ત્યાંથી રાત્રિના આશરે 11 કલાકે રેતી ભરી દમણ ખાતે જવા માટે નીકળ્યા હતા.

દરમિયાન દિલ્હી-મુંબઈ-અમદાવાદ ને.હા.નં.48 પર કામરેજના પાલીમાં સવારે 4 કલાકે ટ્રકમાં પંચર પડતાં હરિઓમ ચોબે વ્હીલ બદલતો હતો અને વિનોદ પાંડે ટોર્ચ બતાવતો હતો. દરમિયાન કન્ટેનર નં.(આર.જે.27.જીડી 9947) ના ચાલકે ટ્રકમાં પાછળના ભાગે અથડાવી દેતાં ટ્રકને ધક્કો લાગતાં વ્હીલ બદલતાં હરિઓમના શરીર પર ટ્રકનું વ્હીલ ચઢી જતાં મોત થયું હતું.

સોનગઢમાં પ્લાસ્ટર કામ મુદ્દે મારામારી

સોનગઢ: સોનગઢના ચાટ બજાર વિસ્તારમાં મકાનના પ્લાસ્ટર કામને લઈ થયેલી બોલાચાલી દરમિયાન મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના બનાવમાં સોનગઢ પોલીસ મથકે બે શખ્સ સામે ફરિયાદ નોંધાઈ છે. ઉકાઈ વર્કશોપ બજારમાં રહેતા સાદક ઈમામ પટેલ (ઉં.વ.૫૦) તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ પોતાના પુત્ર ઈજાજ સાથે સોનગઢમાં હતા. ત્યારે ફારૂક મન્સુરીએ અધૂરા પ્લાસ્ટર કામ બાબતે ઉશ્કેરાઈ ગાળાગાળી કરી ઈજાજને થપ્પડ મારવા સાથે ધક્કામુક્કી કરી હતી. આ સમયે આરોપીના પુત્ર શાબીર મન્સુરીએ પણ ધક્કામુક્કી કરતાં મારવાની તથા જાનથી મારી નાંખવાની ધમકી આપતાં સોનગઢ પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવતાં પોલીસે બંને ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીમાં ટ્રેન અડફેટે અજાણ્યાનું મોત

બારડોલી: બારડોલીના અસ્તાનની સીમમાંથી પસાર થતી રેલવે લાઇન પર ભુસાવલથી દાદર જતી ટ્રેન સાથે 30થી 35 વર્ષની ઉંમરનો એક અજાણ્યો ઈસમ અગમ્ય કારણોસર અથડાઇ જતાં તેનું મોત નીપજ્યું હતું.

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI

રામપુરા શાખા : ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક રામપુરા, સુરત–૩૯૫૦૦૩. મો.: +૯૧ ૯૯૬૪૮ ૬૨૭૯
Email : Rampura.surat@bankofindia.bank.in

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર બૅંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩. સુરતના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા (દેવાદાર) શ્રી નીતીનકુમાર પરબતભાઈ અજુડીયા ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા) તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર / જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩(૪) રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો તા.૧૬ મી ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર / જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બૅંક ઓફ ઈન્ડિયા રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩. ની રકમ રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા) તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો નુ ધ્યાન દોરવાનુ કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

મકાન અને તેની સંપૂર્ણ જમીન કે જે ૭૮,ક્રિષ્ના પાર્ક સોસાયટી છાપરાભાઠા રોડ, સુરત–૩૯૫૦૦૫, માપ એરીયા ૪૧.૨૬ ચો.મીટર શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા ના નામે આવેલ છે. જેની એસએટ આઈ ડી ૨૦૦૦૦૭૧૦૧૮૬૬ સીકયુરીટી આઈ ડી–૪૦૦૦૦૭૧૧૦૮૫૩.

ચર્તુદિશા	દસ્તાવેજ મુજબ	સાઈટ મુજબ
પૂર્વ તરફ :	સોસાયટી નો આંતરીક રોડ	સોસાયટી નો આંતરીક રોડ
પશ્ચિમ તરફ :	જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બી–બ્લોક નં. ૧૨૦	જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બ્લોક નં. ૧૨૦
ઉત્તર તરફ :	પ્લોટ નં. ૭૮	પ્લોટ નં. ૭૮
દક્ષિણ તરફ :	પ્લોટ નં. ૮૦	પ્લોટ નં. ૮૦

તા. ૧૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બૅંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા

સિથાણા ગામમાં શ્રમિકનો આપઘાત

સાયણ: ઓલપાડના સિથાણા ગામે હળપતિવાસમાં રહેતા રામદેવ ભરતભાઈ રાઠોડે પોલીસને જાણ કરી હતી કે, અમારા ગામે રહેતો શ્રમિક અજય અરવિંદભાઈ રાઠોડ (ઉં.વ.૩૨)એ મંગળવાર, તા.૧૬ના રોજ સાંજે ૬:૩૦ કલાકે અગમ્ય કારણોસર પોતાના ઘરના છતની એંગલ સાથે સાડી ભેરવી આપઘાત કરી લીધો હતો. પોલીસે લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઇ– ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજરદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજરદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૯૨૫/૨૫–૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૫	૩,૭૬,૯૭,૩૯૨/–
૨	૯૨૬/૨૫–૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૧	૧,૦૦,૦૦,૦૦૦/–
૩	૯૨૭/૨૫–૨૬	પાણી પુરવઠા શાખા	૦૪	૨,૮૦,૦૦,૦૦૦/–
૪	૯૩૪/૨૫–૨૬	ટ્રસ્ટ શાખા	૦૧	૨૫,૪૭,૭૦૦/–
૫	૯૩૫/૨૫–૨૬	ટ્રસ્ટ શાખા	૦૧	૨૫,૪૭,૭૦૦/–
૬	૯૩૬/૨૫–૨૬	પાણી પુરવઠા વિતરણ	૦૨	૨,૧૫,૦૦,૦૦૦/–
૭	૯૩૯/૨૫–૨૬	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૧	૪૩,૩૫,૧૪૨/–

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૯૪૧/૨૦૨૫–૨૬ | જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

બીજો પ્રયત્ન
ગુજરાત સરકાર
સર્પ સંશોધન સંસ્થાન
ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન
જાહેર નિવિદા નં.૭ સને ૨૦૨૫-૨૬

આથી, રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓને જણાવવાનું કે, ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળની સર્પ સંશોધન સંસ્થાનમાં ચાલુ વર્ષ દરમ્યાન રૂા.૫.૦૦ લાખથી ઓછી રકમના છૂટક બાંધકામો